# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-03-2024** **Evening : 7.50 to 8.00**
**ay : Tuesday** **National News**

### આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

****************************************************

- લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી 102 બેઠકો માટે ઉમેદવારી પત્રો ભરવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે.
- ચૂંટણીપંચે હવામાન વિભાગની આગાહીને પગલે લોકસભાની ચૂંટણી પ્રક્રિયા અંગે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ચૂંટણી અધિકારીઓને સૂચના આપી છે.
- ભાજપે વિવિધ રાજ્યોમાં એક સમાન પ્રકારની ફરિયાદો બાબતે જે-તે રાજ્યોના ચૂંટણી અધિકારીઓએ કથિત રીતે અલગ-અલગ પ્રતિભાવો આપ્યાની રજૂઆત કેન્દ્રીય ચૂંટણી પંચને કરી છે.
- અમદાવાદ રેલવે સ્ટેશનની પુનઃવિકાસ કામગીરીને પગલે અમદાવાદ સ્ટેશનથી ઉપડતી કેટલીક ટ્રેનોને આજથી તબક્કાવાર ગાંધીનગર અથવા સાબરમતી સ્ટેશનેથી ચલાવાશે.
- યુનિવર્સિટી સ્નાતક પ્રવેશ પરીક્ષા CUET-UG - 2024 માટેના અરજીપત્રો ઓનલાઇન ભરવાની છેલ્લી તારીખ વધારીને 31મી માર્ચ કરાઇ.
- રાષ્ટ્રસંઘની સુરક્ષા પરિષદે ગાઝામાં ઇઝરાયેલ અને હમાસ વચ્ચે તાત્કાલિક યુદ્ધવિરામ અને બંધકોની તાત્કાલિક અને બિનશરતી મુક્તિની માગણી કરતો ઠરાવ પસાર કર્યો.

************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# LOKSABHA ELECTION

લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી 102 બેઠકો માટે ઉમેદવારી પત્રો ભરવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે.

પહેલા તબક્કા માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 30મી માર્ચ છે. 19મી એપ્રિલે મતદાન થયા બાદ આગામી ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

ઉલ્લેખનીય છે કે, પહેલા તબક્કામાં 17 રાજયો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની લોકસભાની 102 બેઠકો માટે ચૂંટણી યોજાશે.

પહેલાં તબક્કામાં લોકસભાની સૌથી વધુ 39 બેઠકો તમિળનાડુની, રાજસ્થાનની 12, ઉત્તરપ્રદેશની 8, મધ્યપ્રદેશની 6, જયારે ઉત્તરાખંડ, આસામ અને મહારાષ્ટ્રની દરેકની પાંચ-પાંચ બેઠકોની ચૂંટણી યોજાશે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, સંબંધિત રાજયોમાં આવેલા સંવેદનશીલ મતદાન મથકોએ વેબકાસ્ટીંગ ઉપરાંત દેશભરમા ચેકપોઇન્ટ ઉભા કરવા, ડ્રોન દ્વારા સરહદી વિસ્તારમાં દેખરેખ રાખવી સહિતના પગલાં લેવાશે.

. . . . . . . . . . .

# LOKSABHA NOMINATIONS

લોકસભાની બેઠકોની પહેલા તબક્કાની ચૂંટણી માટે નાગાલેન્ડમાં અત્યારસુધી ત્રણ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા છે.

ઉમેદવારી પત્રો ભરવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે. દરમિયાન પીપલ્સ ડેમોક્રેટિક મોરચાના ઉમેદવાર ડોક્ટર ચુમ્બેન મુરીએ ઉમેદવારી પત્ર ભર્યું છે. આ મોરચામાં નેશનાલીસ્ટ ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટી, ભાજપ, એન.સી.પી., જનતા દળ યુનાઇટેડ સહિત ૭ રાજકીય પક્ષોનો સમાવેશ થાય છે.

રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવાર એસ.એસ.જામીરે પણ પોતાની ઉમેદવારી નોંધાવી છે.

આસામમાં ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી સર્વાનંદ સોનોવાલે આજે લોકસભાની દીબ્રુગઢ બેઠક પરથી ઉમેદવારી પત્ર ભર્યું છે. આ પ્રસંગે આસામના મુખ્યમંત્રી હેમંત બિસ્વા સરમા અને અન્ય અગ્રણીઓ તેમની સાથે રહ્યા હતા. આ ઉપરાંત ભૂતપૂર્વ મુખ્યમંત્રી તરૂણ ગોગોઇના પુત્ર ગૌરવ ગોગોઇએ લોકસભાની જોરહટ બેઠક પરથી ઉમેદવારી પત્ર ભર્યું છે.

એવી જ રીતે પુદુચેરી લોકસભા બેઠક માટે આજે આઠ ઉમેદવારી પત્રો ભરાયા છે. આ પૈકી સાત ઉમેદવારો અપક્ષ છે, જ્યારે બહુજન સમાજ પાર્ટીના અલંગરવેલુએ પણ ઉમેદવારી નોંધાવી છે.

ઉત્તરાખંડમાં ભાજપના મલરાજ્ય લક્ષ્મીશાહે તેહરી બેઠક પરથી, ભાજપના અનિલ બલુનીએ ગઢવાલ બેઠક પરથી, ત્રિવેન્દ્રસિંહ રાવતે હરિદ્વાર બેઠક પરથી ઉમેદવારી પત્રો આજે ભર્યા છે.

એવી જ રીતે કોંગ્રેસના જોતસિંહે તેહરી બેઠક પરથી ઉમેદવારી નોંધાવી છે.

. . . . . . . . . . .

# EC - CVIGIL APP

ચૂંટણી પંચ cVigil એપ દ્વારા ચૂંટણી પ્રક્રિયા પર ચાંપતી નજર રાખી રહ્યું છે. આ એપ દ્વારા આદર્શ આચાર સંહિતાના ભંગ અંગેની ઓનલાઈન ફરિયાદો, ફોટા, વીડિયો વગેરે સીધું ચુંટણી પંચને મોકલી શકાશે.

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જણાવ્યું હતું કે cVigil નાગરિકોને આદર્શ આચાર સંહિતા ભંગની જાણ કરવા અને 100 મિનિટની અંદર પગલાં લેવાની ખાતરી આપે છે.

cVIGIL એ યુઝર-ફ્રેન્ડલી અને ઓપરેટ કરવામાં સરળ એપ્લિકેશન છે, જે જાગ્રત નાગરિકોને જિલ્લા કંટ્રોલ રૂમ, રિટર્નિંગ ઓફિસર અને ફ્લાઈંગ સ્કવોડ્સ ટીમો સાથે જોડે છે. આ એપનો ઉપયોગ કરીને નાગરિકો રાજકીય ગેરવર્તણૂકની ઘટનાઓ ઘરે બેઠાં રિટર્નિંગ ઓફિસરને જાણ કરી શકે છે. સીવિજીલ એપ પર ફરિયાદ મોકલતાની સાથે જ ફરિયાદીને એક ID પ્રાપ્ત થશે જેના દ્વારા વ્યક્તિઓ તેમના મોબાઈલ પર ફરિયાદને ટ્રેક કરી શકશે.

. . . . . . . . . . . . . . . . . .

# EC---ADVISORY

કેન્દ્રીય ચૂંટણીપંચે હવામાન વિભાગ દ્વારા આગામી ઉનાળાની ઋતુમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઘણી જગ્યાએ વધુ રહેવાની

કરેલી આગાહીને ધ્યાનમાં રાખીને લોકસભાની ચૂંટણી પ્રક્રિયા દરમિયાન બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ચૂંટણી અધિકારીઓને સૂચના આપવામાં આવી છે.

ચૂંટણી પંચે તમામ મતદાન મથકોએ મતદારો માટે ખાસ શેડ તેમજ પીવાના પાણીની સુવિધા સહિત પાયાની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની સૂચના આપી છે. આ ઉપરાંચ ચૂંટણી પંચે ગરમીના મોજાના તેમજ આકરા તાપના સમયગાળામાં દરેક નાગરિકે શી તકેદારી રાખવી તેની રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ - NDMA દ્વારા અપાયેલી સૂચનાઓ દેશના બધા જ ચૂંટણી અધિકારીઓને મોકલી છે.

ઉલ્લેખનીય છે કે NDMA એ ગરમીના મોજાની સંભવિત અસર ઘટાડવા બપોરના 12 થી 3 દરમિયાન અગત્યના કામ સિવાય તાપમાં નહીં નીકળવાની સૂચના અપાઇ છે.

. . . . . . . . . . . . . . . . . . . .

## ECI--BJP

ભાજપે વિવિધ રાજ્યોમાં એક સમાન પ્રકારની ફરિયાદો બાબતે જે-તે રાજ્યોના ચૂંટણી અધિકારીઓએ કથિત રીતે અલગ-અલગ પ્રતિભાવો આપ્યાની રજૂઆત કેન્દ્રીય ચૂંટણી પંચને કરી છે.

આ રજૂઆતમાં ભાજપના અગ્રણીઓએ કેન્દ્રીય મંત્રી અને ભાજપના અગ્રણી શોભા કરાંદલજે દ્વારા કથિત રીતે કરાયેલી વાંધાજનક ટીપ્પણી બાબતે લેવાયેલા પગલાંનો ઉલ્લેક કરીને જણાવ્યું છે કે

તમિલનાડુના એક મંત્રીએ આ જ આશયના કરેલા નિવેદન અંગે કોઇ પગલાં લેવાયા નથી. ચૂંટણી પંચ સમક્ષ રજૂઆત બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં ભાજપના વિનોદ તાવડેએ જણાવ્યું હતું કે શિવસેના ઉદ્ધવ ઠાકરે જૂથના સંજય રાઉતે  તાજેતરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અંગે વાંધાજનક ઉચ્ચારણો કર્યા છે.

શ્રી તાવડેએ કહ્યું કે ભાજપના પ્રતિનિધિમંડળે ચૂંટણી પંચને આ પ્રકારની ફરિયાદો અંગે યોગ્ય કાર્યવાહી કરવા રજૂઆતો કરી છે.

. . . . . . . . . . .

# PM---BELGIUM-PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બેલ્જિયમના પ્રધાનમંત્રી એલેકઝેન્ડર ડી ક્રુ સાથે ટેલિફોનિક વાતચીતમાં દ્વિપક્ષીય સંબંધો મજબૂત બનાવવા ચર્ચા વિચારણા કરી છે. બંને અગ્રણીઓએ વેપાર, સેમીકન્ડક્ટર, દવા જેવા વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકાર વધુ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. શ્રી મોદીએ બ્રસેલ્સમાં પહેલી પરમાણુ ઉર્જા પરિષદ સફળતા યોજવા માટે બેલ્જિયમના પ્રધાનમંત્રીને અભિનંદન આપ્યા છે.

બંને અગ્રણીઓએ પ્રાદેશિક અને વૈશ્વિક મહત્વના મુદ્દાઓ અંગે ચર્ચા કરી હતી. આ ઉપરાંત પશ્ચિમ એશિયા અને રશિયા – યુક્રેન ક્ષેત્રમાં શાંતિ અને સલામતીની ઝડપથી પુનઃસ્થાપનાના પ્રયાસોમાં સહકાર આપવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે.

. . . . . . . . . . .

**RAILWAY- TERMINAL CHANGE**

અમદાવાદ સ્ટેશનને પુનઃવિકસિત કરવાની ચાલી રહેલી કામગીરીને ધ્યાનમાં લઇને અમદાવાદ સ્ટેશનથી ઉપડતી કેટલીક ટ્રેનોને આજથી તબક્કાવાર ગાંધીનગર અથવા સાબરમતી સ્ટેશનેથી ચલાવવામાં આવશે.

અમદાવાદ-નવી દિલ્લી સુવર્ણ જયંતી રાજધાની એક્સપ્રેસ, માતા વૈષ્ણો દેવી કટરા-અમદાવાદ અઠવાડિક એક્સપ્રેસ સહિત છ જોડી ટ્રેનો સાબરમતીથી જ્યારે અમદાવાદ-વેરાવળ સુપરફાસ્ટ એક્સપ્રેસ, અમદાવાદ – જમ્મૂ તવી એક્સપ્રેસ સહિત ત્રણ જોડી ટ્રેનો ગાંધીનગર રેલવે સ્ટેશનેથી ચલાવવામાં આવશે.

અમદાવાદ સુલતાનપુર અઠવાડિક સુપરફાસ્ટ ટ્રેન આજે 26 માર્ચે સાબરમતી સ્ટેશનથી રાતના 8.20થી ઉપડશે. એવી જ રીતે અમદાવાદ આવનારી સુલતાનપુર અમદાવાદ સુપરફાસ્ટ ટ્રેન આવતીકાલ 27મી માર્ચે સાબરમથી સ્ટેશન સુધી ચલાવાશે. બાકીની ટ્રેનોનું સંચાલન તબક્કાવાર ગાંધીનગર અથવા સાબરમતી સ્ટેશનેથી થશે.

. . . . . . . . . . .

## UGC-CUET

સમગ્ર દેશના 380 અને વિદેશના 26 શહેરોમાં એક સાથે યોજાનારી સમાન યુનિવર્સિટી સ્નાતક પ્રવેશ પરીક્ષા CUET-UG - 2024 પરીક્ષા માટેના  અરજી પત્રો ઓનલાઇન માધ્યમથી ભરવાની છેલ્લી તારીખ વધારીને 31મી માર્ચ કરવામાં આવી છે. યુનિવર્સિટી અનુદાન પંચના અધ્યક્ષ એમ. જગદીશ કુમારે જણાવ્યું છે કે વિદ્યાર્થીઓ અને અન્યો પાસેથી મળેલી રજૂઆતોને ધ્યાનમાં લઇને અરજી પત્રકો ભરવાની મુદત વધારવામાં આવી છે.

. . . . . . . . . . .

## UNSC-GAZA

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે પ્રથમ વખત ગાઝામાં ઇઝરાયેલ અને હમાસ વચ્ચે તાત્કાલિક યુદ્ધવિરામ અને બંધકોની તાત્કાલિક અને બિનશરતી મુક્તિની માગણી કરતો ઠરાવ પસાર કર્યો છે. આ પ્રસ્તાવને 14 દેશોએ સમર્થન આપ્યું હતું જ્યારે અમેરિકા મતદાનથી દૂર રહ્યું હતું. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં અમેરિકાના રાજદૂત  લિન્ડા થોમસ ગ્રીનફિલ્ડે યુદ્ધવિરામ ઠરાવ પસાર કરવામાં વિલંબ માટે હમાસને જવાબદાર ઠેરવતા  મતભેદને કારણે અમેરિકા મતદાનથી દૂર રહ્યું હોવાનું કહ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે 7 ઓક્ટોબરે ઈઝરાયેલ પર થયેલા હુમલા બાદથી ઈઝરાયેલ-હમાસ યુદ્ધમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા

પરિષદ બે ભાગમાં વહેંચાઈ ગઈ છે. રજૂ કરાયેલી આઠ દરખાસ્તોમાંથી અત્યાર સુધીમાં માત્ર બે જ પાસ થઈ છે. આ બંને પ્રસ્તાવ ગાઝા પટ્ટીને માનવતાવાદી સહાય પૂરી પાડવા સંબંધિત હતા.

. . . . . . . . . . . . . . . . .

# REV.-KAVITHA-CUSTODY

દિલ્હીની અદાલતે આબકારી નીતિ કેસને લગતા મની લોન્ડરીંગ કેસમાં ધરપકડ કરાયેલા ભારત રાષ્ટ્ર સમિતિ પક્ષના નેતા કે.કવિથાને ૯મી એપ્રિલ સુધી ન્યાયિક અટકાયતમાં રાખવાનો આદેશ આપ્યો છે.

એન્ફોર્સમેન્ટ વિભાગે કે.કવિતાને આજે અદાલતમાં રજૂ કર્યા હતા. એન્ફોર્સમેન્ટ વિભાગના વકીલે અદાલતમાં રજૂઆત કરી હતી કે કવિતા વગદાર વ્યક્તિ હોવાથી જો તેમને મુક્ત કરવામાં આવે તો તેઓ સાક્ષીઓને પ્રભાવિત કરે એવી શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે એન્ફોર્સમેન્ટ વિભાગ દ્વારા હૈદરાબાદમાં આરોપીના સ્થાનોની તપાસ અને આરોપીની પૂછપરછ કર્યા બાદ તપાસ વિભાગે 15મી માર્ચે તેમની ધરપકડ કરી હતી.

. . . . . . . . . . . . . . .

# IPL

આઇપીએલ ક્રિકેટ ટૂર્નામેંટમાં આજે ચેન્નાઈના એમ એ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઈટન્સનો મુકાબલો ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે થઈ રહ્યો છે.  ગુજરાત ટાઇટન્સેએ ટોસ જીતીને પ્રથમ બોલીંગ પસંદ કરી છે.  છેલ્લા મળેલા અહેવાલ મુજબ ચેન્નાઇ સુપર કિંગ્સે 3 ઓવરમાં 36 રન કર્યા છે.

. . . . . . . . . . .